**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બૅન્ક**

વેબ સાઈટ: www.rbi.org.in

ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

**સંચાર વિભાગ,**

કેન્દ્રિય કાર્યાલય, એસ બી એસ રોડ,

મુંબઈ-400 001

ફોન -91 22 2266 0502, ફેક્સ 91- 22 2266 0358

**તારીખ : માર્ચ 20, 2019**

**ધી મહીલા વિકાસ કો-ઓપરેટીવ બેંક લી., અમદાવાદ (ગુજરાત) (બિન સીડ્યુલ યુ સી બી) ઉપર લાદવામાં આવેલ દંડ**

બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ , 1949 (કો-ઓપરેટીવ સોસાયટીઝ ને લાગુ પડે છે તે મુજબ) ની કલમ 46 (4) સાથે વાંચન માં લેતાં કલમ 47A(1) ની જોગવાઈ હેઠળ રિઝર્વ બેંક ને આપવામાં આવેલી સત્તા ના પાલન અંતર્ગત, ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 અંતર્ગત અસુક્ષીત ધિરાણ મર્યાદા, ડાયરેક્ટરો અને તેમના સગા સમ્બંધીઓ ને તથા તેઓ જેમાં રસ ધરાવતા હોય તેવી પેઢીઓ/એકમો ને આપવામાં આવેલ લોન અને નો યોર કસ્ટમર (કે વાય સી) /એન્ટી મની લોન્ડરિંગ (એ એમ એલ) અંગે આપેલી સૂચનાઓ/માર્ગદર્શિકા ના ઉલ્લંઘન માટે ધી મહીલા વિકાસ કો-ઓપરેટીવ બેંક લી., અમદાવાદ (ગુજરાત) (બિન સીડ્યુલ યુસીબી) ઉપર ₹ 10.00 લાખ (અંકે રૂપિયા દસ લાખ પુરા) નો નાણાકીય દંડ લાદવામાં આવેલ છે.

ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંક ને કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ છે, તેના અનુસંધાન માં બેંકે લેખિત જવાબ મોકલેલ છે અને ભારતીય રિઝર્વ બેંક ના વરિષ્ટ અધિકારીઓ સમક્ષ રૂબરૂ રજૂઆત કરેલ છે. આ કેસ ની હકીકતો અને બેંકે આ બાબત માં આપેલ જવાબ ઉપર વિચાર કરીને ભારતીય રિઝર્વ બેંકે કાઢેલા નિષ્કર્ષ મુજબ આ ઉલ્લંઘનો પ્રમાણભૂત થયેલ છે અને તે બદલ દંડ લાદવામાં આવેલ છે.

**અજીત પ્રસાદ**

**સહાયક સલાહકાર**

**પ્રેસ પ્રકાશન : 2018-2019/2249**